# સંગીની ફોરમે યોજી ટ્રેઝર હન્ટ



## ગેમ અંતર્ગત મૂવી પોસ્ટર સાથે સૅલ્ફી લેવી, કોઈ ચોક્કસ લેન્ડમાર્ક શોધી કાઢવા જેવી ચેલેન્જીસ દોઢ કલાકમાં પૂર્ણ કરવાની હતી

ગાંધીનગર, તા. ૧૦

જૈન સોશ્યલ ગૃપ ઈન્ટરનેશનલ ફેડરેશન ગુજરાત રિજન હેઠળના સંગિની ફોરમ દ્વારા ટ્રેઝર હન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. ચેલેન્જ સાથે ફન આપતી આ ગેમમાં શહેરના ચોક્કસ વિસ્તારના ટાર્ગેટ આપવામાં આવ્યા હતા. મૂવી પોસ્ટર સાથે સૅલ્ફી લેવી, કોઈ ચોક્કસ લેન્ડમાર્ક શોધી કાઢવા જેવી ચેલેન્જીસ દોઢ કલાકમાં પૂર્ણ કરવાની હતી. ફોરમનાં સભ્યોએ આ સ્પર્ધામાં ઉત્સાહથી ભાગ લીધો હતો અને આનંદ મેળવ્યો હતો.


ફોરમનાં પ્રમુખ જાગૃતિબેન સંઘવી, નેહલબેન ટોલિયા, ભારતીબેન શાહ, શિલ્પાબેન શાહ, મોનાબેન શેઠ, ભાવિનાબેન શાહ, દિપીકાબેન કોટડિયા, નીતાબેન શાહ, જાગૃતિબેન લાખાણી, રૂપાબેન શાહ સહિત એક મોટી ટીમ આ રમતમાં જોડાઈ હતી.

ઉલ્લેખનીય છે કે સંગિની ફોરમનો આ નવમો કાર્યક્રમ હતો, જેનો શ્રેય આ રમતના કન્સેપ્ટ, ડિઝાઈન તૈયાર કરનાર અને રમાડવા માટે ખૂબ જ તત્પર ભાવિનાબેન શાહ, સંગિની ફોરમ ગાંધીનગરની ટીમને જાય છે. ફોરમનાં સ્થાપક નીતિકાબેન શાહ અને પૂર્વ પ્રમુખ નીનાબેન ઝાટકીયાએ આ પ્રસંગે ઉપસ્થિત રહી સ્પર્ધક બહેનોને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

### રૉટરી ક્લબ ઑફ ગાંધીનગર દ્વારા કડી સર્વ વિશ્વવિદ્યાલયના ઉપક્રમે

# કેન્દ્રીય અંદાજપત્રની સમીક્ષાનો કાર્યક્રમ યોજાયો





ગાંધીનગર, તા. ૧૦

રોટરી કલબ ઓફ ગાંધીનગર અને કડી સર્વ વિશ્વવિધાલય દ્વારા ''કેન્દ્રીય અંદાજપત્ર ૨૦૧૯ની સમીક્ષા તથા અર્થતંત્ર ઉપર તેની અસર અંગેનું માર્ગદર્શન'' વિષય પર જાહેર કાર્યક્રમ શેઠ શ્રી ખીમજી વિશ્રામ હોલ, કડી કેમ્પસ, સેક્ટર-૨૩ ખાતે યોજાયો હતો, જેમાં છેલ્લા ૪૦ વર્ષથી કેન્દ્રીય અંદાજપત્રનું વિશ્લેષણ કરતા ખ્યાતનામ એડવોકેટ અને ટેક્સ કન્સલટન્ટ મુકેશભાઈ પટેલે હાજર રહી અંદાજપત્ર વિષયક વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે નવા ભારતનાં નિર્માણ માટે યોગ્ય બજેટ છે. સમગ્ર કાર્યક્રમમાં ખુબ મોટી સંખ્યામાં ગાંધીનગરના નગરજનો, રોટરી કલબના સભ્યશ્રીઓ, વિવિધ કોલેજોના પ્રોફેસોર અને વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતા. રોટરી કલબ વતી પ્રમુખ ડો.ધર્મેન્દ્ર પટેલ, કડી સર્વ વિશ્વવિદ્યાલય વતી ડો. રમાકાંત પૃષ્ટિ, કલ્પતરુ પાવર ટ્રાન્સમીશન વતી કમલ કિશોર જૈન પણ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત વિદ્યાર્થીઓ, પ્રોફેસરો, વેપારીઓ અને કર્મચારી દ્વારા પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા જેના ખૂબ જ સરળ ઉદાહરણો દ્વારા વક્તાએ ઉત્તરો પાઠવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન રોટરી ક્લબ ઓફ ગાંધીનગર વતી કેતન મહેતા દ્વારા કરવામાં આવ્યું હતું.


# એસ. વી. સ્કૂલનાં બાળકો બૅન્કની મુલાકાતે



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ. વી. ઈંગ્લિશ મીડિયમ પ્રી-સ્કૂલનાં સીનિયર કે. જી. ના બાળકોને સેક્ટર-૨૩ સ્થિત કાલુપુર કો. ઑ. બેન્કની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. સૌ પ્રથમ બેંક તરફથી બાળકોને ચોકલેટ આપી, સ્વાગત કરવામાં આવ્યું હતું. બેંકના કર્મચારી રાજુભાઈએ બાળકોને બેન્કના તમામ વિભાગો, A.T.M. તથા લૉકર રૂમની મુલાકાત કરાવી, તેના વિષે વિસ્તારપૂર્વક સમજણ આપી હતી. બેંક મેનેજર હિતેશભાઈ દેસાઈએ આપેલા અભૂતપૂર્વ સહકાર અને સકારાત્મક વલણ બદલ સ્કૂલના પ્રિન્સિપાલ જિજ્ઞા દર્પણ બુચે મેનેજમેન્ટ વતી આભારની લાગણી વ્યક્ત કરી હતી.

### સાહિત્યકાર ડૉ. ચંદ્રકાન્ત મહેતાનાં પાંચ પુસ્તકોનું રાજ્યપાલશ્રીના હસ્તે વિમોચન

# સાહિત્યના માધ્યમથી સમાજને શ્રેષ્ઠ દિશા તરફ વાળી શકાય છે : રાજ્યપાલ



ગાંધીનગર, તા. ૧૦

ગુજરાતી-હિન્દીના સાહિત્યકાર અને કટાર લેખક ડૉ. ચંદ્રકાન્ત મહેતાનાં પાંચ પુસ્તકોના વિમોચનના કાર્યક્રમ રાજભવન ખાતે રાજ્યપાલ ઓ.પી.કોહલીના વડપણ હેઠળ યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે રાજ્યપાલ ઓ. પી. કોહલીએ જણાવ્યું હતું કે માણસની માણસાઈ સંવેદનશીલતામાં જ છે. સંવેદનશીલતા એ એવો ગુણ છે જે આપણને આપણાથી બહાર નીકાળીને બીજાનાં મન સાથે જોડે છે. ડૉ. ચંદ્રકાન્ત મહેતાનું વ્યક્તિત્વ પણ સંવેદનશીલ છે. તેનાથી જ તેમનું સાહિત્ય નિખરી રહ્યું છે. તેમણે ઉમેર્યુ કે, ડૉ. મહેતાની કલમે કંડારવામાં આવેલા લેખન દ્વારા ગુજરાતી અને હિન્દી ભાષા સમૃદ્ધ બની છે.

ડૉ. કોહલીએ ઉમેર્યુ હતું કે, સાહિત્યનાં માધ્યમથી સમાજને શ્રેષ્ઠ દિશા તરફ વાળી શકાય છે. સાહિત્ય અને સમાજ વચ્ચે ખૂબ ઊંડો સંબંધ છે. સાહિત્યકારના લેખનમાં પ્રચુરતા અને ગુણવત્તા હોવી જરૂરી છે.

આ પ્રસંગે ડૉ. ચંદ્રકાન્ત મહેતાએ જણાવ્યું હતુ કે, હું રક્તથી રંગાયેલી કલમને બોળીને જીવનનું ભાથુ આપતો લેખક છુ. સમાજને વધુ સારી દિશા તરફ વાળી નવી રાહ ચિંધવાનો મારો પ્રયાસ રહ્યો છે.

રાજભવન ખાતે યોજાયેલા આ પુસ્તક વિમોચન કાર્યક્રમમાં ડૉ. મહેતાના પાંચ પુસ્તકોનું વિમોચન રાજ્યપાલના હસ્તે કરવામાં આવ્યુ હતું. જેમાં ''તમે જ તમારા ભાગ્યવિધાતા'', ''શિક્ષણની પ્રદક્ષિણા'', ''જીવનપંથની પેથોલોજી'', ''સંસારની ફોટોગ્રાફી'' અને ''અંતઃકરણની એન્જીઓગ્રાફી''નો સમાવેશ થાય છે. આ પ્રસંગે આયોજન પંચના ઊપાધ્યક્ષ નરહરી અમીન, ગુજરાત વિશ્વકોષના મુખ્ય સંપાદક પદ્મ શ્રી ડૉ. કુમારપાળ દેસાઈ, અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડના ચેરમેન ધિરેન્દ્રસિંહ તોમર, ટીચર્સ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. હર્ષદભાઈ પટેલ, ગુજરાત યુનિવર્સિટીના ઉપ કુલપતિ જગદીશભાઈ ભાવસાર, જાણીતા ન્યુરોફિઝીશીયન ડૉ. સુધીર શાહ અને રન્નાદે પ્રકાશનના પ્રકાશક હંમેશભાઈ મોદી ઉપસ્થિત રહ્યા હતા.

## જન્મદિને વધામણી



રવિ એમ પટેલ



હીરાબેન અંબવાણી



શ્લેક મેઘરાજાણી

### એસ.વી., એસ.જી.અંગ્રેજી પ્રાથમિક શાળામાં

# 'મેરા હાથ મેરી કલા' અંતર્ગત ક્રાફ્ટ વર્કની પ્રવૃતિ યોજાઈ



એસ.વી., એસ.જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળાના ધોરણ ૫થી ૮ ના બાળકો માટે 'મેરા હાથ મેરી કલા' અંતર્ગત ક્રાફ્ટ વર્કની પ્રવૃતિ યોજાઈ હતી. આ પ્રવૃતિ અંતર્ગત વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક પેપરમાંથી વિવિધ વસ્તુઓ બનાવી હતી. આ ઉપરાંત માટીમાંથી પણ વિવિધ મૂર્તિઓ બનાવી હતી.



ગાંધીનગર, તા. ૧૦

ગાયત્રી પરિવાર દ્વારા પ્રતિવર્ષ યોજવામાં આવતી ભારતીય સંસ્કૃતિ અંગેની પરીક્ષા ૨૦૧૮માં પણ યોજવામાં આવી હતી, જેમાં જે એમ ચૌધરી કન્યા વિદ્યાલયની ૧૪૦ જેટલી વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. સઘળી વિદ્યાર્થિનીઓ આ પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ હતી. ધોરણ-૧૧ કૉમર્સમાં અભ્યાસ કરતી ધારા મુકેશભાઈ પટેલે આ પરીક્ષામાં ૧૦૦માંથી ૮૯ ગુણ પ્રાપ્ત કર્યા હતા. આચાર્ય રમીલાબેન ચૌધરીએ સમગ્ર શાળા પરિવાર વતી ધારાને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા. શાળાના શિક્ષક સરોજબેન દેસાઈએ આ પરીક્ષાનું આયોજન તેમજ સંચાલન કર્યું હતું.

# જલદી પાછા ફરો

॥ બીજો મણકો ॥

દક્ષિણ આફ્રિકાનું તે વેળા તો નામ પણ માંડ જણાયેલું. નિતનવા માણસો પોતાનાં દુઃખ ઠલવવા ચાલ્યાં જ આવે. તેમને તો પોતાનુ દુઃખ મોટામાં મોટો સવાલ હોય. પણ અધિપતિની પાસે તો એવાં દુખિયાં થોકબંધ હોય. બધાંનુ એ બાપડો શું કરે ? વળી દુઃખીને મન છાપાના અધિપતિની સત્તા એટલે મોટી વાત હોય. અધિપતિ પોતે તો જાણતો હોય કે તેની સત્તા તેની કચેરીના દરવાજાનો ઉંબર પણ ન ઓળંગતી હોય.






હું હાર્યો નહીં. બીજા અધિપતિઓને મળવાનું ચાલું રાખ્યું. મારા રિવાજ મુજબ અંગ્રેજોને પણ મળ્યો. 'સ્ટેટ્સમૅન' અને 'ઈંગ્લિશમૅન' બંને દક્ષિણ આફ્રિકાના સવાલનું મહત્વ જાણતા હતાં. તેમણે લાંબી મુલાકાતો છાપી. 'ઈંગ્લિશમૅન'ના મિ. સૉન્ડર્સે મને અપનાવ્યો. તેમની ઑફિસ મારે સારુ ખુલ્લી, તેમનું છાપું મારે સારુ ખુલ્લું. પોતાના અગ્રલેખમાં સુધારોવધારો કરવાની પણ મને છૂટ આપી. અમારી વચ્ચે સ્નેહ બંધાયો, એમ કહું તો અતિશયોક્તિ નથી. તેમણે જે મદદ થઈ શકે તે કરવાનું મને વચન આપ્યું. મેં જોયું કે આ વચન તેમણે અક્ષરશઃ પાળ્યુ, ને તેમની તબિયત ખરાબ થઈ ત્યાં લગી તેમણે મારી સાથે પત્રવ્યવહાર જારી રાખ્યો. મારી જિંદગીમાં આવા અણધાર્યા મીઠા સંબંધો અનેક બંધાયા છે. મિ. સૉન્ડર્સને મારામાં જે ગમ્યું તે અતિશયોક્તિનો અભાવ અને સત્યપરાયણતા હતાં. તેમણે મારી ઊલટતપાસ કરવામાં કચાશ નહોતી રાખી. તેમાં તેમણે જોયું કે દક્ષિણ આફ્રિકાના ગોરાઓના પક્ષને નિષ્પક્ષપાતપણે મૂકવામાં ને તેની તુલના કરવામાં મેં ન્યૂનતા નહોતી રાખી.

મારો અનુભવ મને કહેછે કે સામા પક્ષને ન્યાય આપી આપણે ન્યાય વહેલો મેળવીએ છીએ.

આમ મને અણધારી મદદ મળવાથી કલકત્તામાં પણ જાહેર સભા ભરવાની આશા બંધાઈ. તેવામાં ડરબનથી તાર મળ્યો : 'પાર્લમેન્ટ જાનેવારીમાં મળશે. જલદી પાછા ફરો.'

આથી એક કાગળ છાપાંઓમાં લખી તુરત ઊપડી જવાની અગત્ય જણાવી મેં કલકત્તા છોડ્યુ, ને પહેલી સ્ટીમરે જવાની ગોઠવણ કરવા દાદા અબદુલ્લાના મુંબઈના એજન્ટને તાર કર્યો. દાદા અબદુલ્લાએ પોતે 'કુરલૅંડ' સ્ટીમર વેચાતી લીધી હતી. તેમાં મને તથા મારા કુટુંબને મફત લઈ જવાનો આગ્રહ ધર્યો. મેં ઉપકાર સહિત તે સ્વીકાર કર્યો અને હું ડિસેમ્બરના આરંભમાં 'કુરલૅંડ'માં મારી ધર્મપત્ની, બે દીકરા, ને મારા સ્વર્ગસ્થ બનેવીના એકના એક દીકરાને લઈને દક્ષિણ આફ્રિકા તરફ બીજી વાર રવાના થયો. આ સ્ટીમરની સાથે જ બીજી સ્ટીમર 'નાદરી' પણ ડરબન રવાના થઈ. તેના એજન્ટ દાદા અબદુલ્લા હતા. બંને સ્ટીમરમાં મળી આઠસેંક હિંદી ઊતારુઓ હશે. તેમાંનો અરધ ઉપરાંત ભાગ ટ્રાન્સવાલ જનારો હતો.





# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા મોડાસા તાલુકામાં સેવાકાર્ય





શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા મોડાસા તાલુકાના છાત્રેશ્વરી અને વાંટડા ગામમાં કુલ ૭૮ લાભાર્થીઓને વિવિધ જરૂરી વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત પ્રત્યેક જરૂરિયાતમંદોને પેરાસિટામોલ ટૅબલેટ ઉપરાંત દૂધી, ગલકાંનું બિયારણ તથા છત્રી અને ચપ્પલની ભેટ પણ ધરવામાં આવી હતી. સંસ્થા તરફથી સંદિપસિંહ અને અરવિંદસિંહ આ સેવાકાર્યમાં જોડાયા હતા.